વંથલી પો.સ્ટે.ગુના રજી.નં. ૦૫૭૦/૨૦૨૪(ફો.પ.નં.૨૦/૨૬) બી.એન.એસ.કલમ ૩૩૧ (૩),૩૩૧(૪),૩૦૫ મુજબ ના કામે આરોપીની જામીન અરજી નીચે હુકમઃ–

————————————————————————————————————————

(૧) સદરકામે જામીન અરજી તથા એફ.આઈ.આર. તથા આરોપીપક્ષે વિ.વકીલશ્રી જે.એચ.વાણવી ને સાંભળ્યા તથા ફરીયાદપક્ષે વિ. એ.પી.પી. શ્રી ને ઝુમ દવારા સાંભળ્યા.

(૨) સદર કામે આરોપી તરફે વિ.વ.શ્રી જે.એચ.વાણવી એ તેમની દલીલમાં જણાવેલ છે કે, આરોપી એ આવો કોઈ ગુન્હો કર્યો નથી. આ કામના મુખ્ય આરોપી જામીન મુકત હોય તેમજ તેમનુ ચાર્જશીટ પણ થઈ ગયેલ હોય તેમજ સદર ગુનો ઘણો જુનો હોય.આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ નથી. તેમજ સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને છે. તેમજ મુદામાલ રીકવર થઈ ગયેલ હોય ,તેમજ આરોપી નામ.કોર્ટ જણાવે તે તમામ શરતોનું પાલન કરવા અને જામીન આપવા આરોપી રાજીખુશી છે. આપ નામ.કોર્ટને જામીન મુકત કરવાની સતા છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં જામીન મુકત કરવા નમ્ર અરજ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે વિ. એ.પી.પી. શ્રી એ રજુઆત કરી જણાવેલ છે કે,આ કામે આરોપીએ ઘરફોડ ચોરીનો ગંભીર ગુનો કરેલ હોય જેથી જામીન મુકત કરવામાં આવશે તો આરોપી ફરીથી આવો ગુન્હો કરશે તેવી પુરેપુરી સંભાવના છે જેથી જામીન અરજી નામંજૂર કરવી જોઈએ.

(૪) આમ ઉપરોકત બંને પક્ષોની રજુઆત અને રેકર્ડ વંચાણે લેતા તેમજ હાલના કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતા સદર ગુનામા આરોપી સામે દેહાંતદંડ કે ઉમરકેદની સજાની જોગવાઈ નથી. સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને છે. તેમજ આ કામના મુખ્ય આરોપી જામીન મુકત હોય અને તેમનુ ચાર્જશીટ પણ થઈ ગયેલ હોય તેમજ આરોપી નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા અને જામીન આપવા આરોપી ખુશી હોવાનુ જણાવેલ છે.તેવા સંજોગોમા નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત જણાશે.

-:: હુ ક મ ::-

આરોપી ની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

વંથલી પો.સ્ટે.ગુના રજીસ્ટર નં. ૦૫૭૦/૨૦૨૪(ફો.૫.નં.૨૦/૨૬) ના કામે આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતેન શંકર માનસીંગ મહેડા, ઉ.વ. ૩૧, રહે, છોટી આંબલી, મધ્યપ્રદેશ વાળાઓને રૂા.૧૦,૦૦૦/- (અંકે રુપિયા દશ હજાર પૂરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મૂચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન રહી જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

-:: શ ર તો ::-

(૧) આરોપી એ આવો કે આવા પ્રકારનો ગુનો ભવિષ્યમાં આચરવો નહી.

(૨) આરોપી એ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક ધમકી કે લોભ લાલચના પ્રલોભન આપવા નહી.

(૩) આરોપી એ કેસની દરેક મુદ્તે નામ.કોર્ટમાં અચુક હાજર રહેવુ.

(૪) આરોપી એ તથા તેમના જામીનદારે તેમના રહેઠાણનુ સરનામુ તથા મોબાઈલ નંબર જામીન રજુ કરતી સમયે પુરશીસથી જાહેર કરવુ .

આ હુકમ આજ તારીખ ૧૨ મી માહે માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા. ૧૨/૦૩/૨૦૨૬

( અનુભવ પાંડે )
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વંથલી.
જીજે૦૧૧૩૩